PR NO. 445285
RFQ NO.

Sub :- Tender for Hiring of Vehicle for DE/LT/IC Checking Squad ,UGVCL, CO, Mehsana .

Tender No. **030/2020**

| | |
|---|---|
| Estimated Cost | Rs. 800000 |
| E.M. Deposit | Rs. 9500/- |
| Online Preliminary, Technical & Price bid i.e. On line (e-tendering) tender/offer submission last date (This is mandatory) | **Date:** 21.03.2020 Up to 18.00 Hrs |
| Relevant documents (By Registered Post A.D. or Speed Post only) submission date | On or before date 24.03.2020 Up to 18.00 Hrs |
| Date of opening of Tender fee, EMD cover and Technical Bid physical as well as online | **Date:** 26.03.2020 up to 12.00 Hrs |
| Date of On line Opening of Price Bid (Tentative, if possible) | **Date:** 26.03.2020 up to 16.00 Hrs |
| Tender Fee | Rs.800/- + 144 GST |
| Time Limit | Two Year |
| Security Deposit | 5% of order value. |

Issued to :-
………………………………………………
………………………………………………
………………………………………………

Superintending Engineer
UGVCL,CO,Mehsana.

(To be filled in by the Tenderers)

01) Tender Fee & EMD paid vide M. R. No. ………………Date ……………

(Signature of Tenderer with rubber stamp)

Note :- Tender must be send by post RPAD only and tender fee should be paid during office hours in this office.

SCHEDULE – 'B'

Vehicle No. ……………….Year of Model……………….

Name of work :- Hiring of vehicle on Annual Rate Contract.

| Sr No | Description | Rate |
|---|---|---|
| 01 | Up to 3000 KMS | Rs. |
| | Per month & minimum 12 hours per day | |
| 02 | Rate of extra Kms. Above 3000 KMS per Kms. | Rs. |
| 03 | Night halt charge per night | Rs. |

Place : Mehsana.
Date :

SUPERINTENDING ENGINEER
UGVCL, CO, MEHSANA

Signature of Tenderer with Rubber Stamp

Note :- RTO Registration Book, Taxi-Maxi Passing permit Certificate, full Insurance & License of Driver to be

submitted with Tender. Without this document tender will be rejected

# ગાડી ભાડે રાખવા માટેના નિયમો અને શરતો

મહેસાણા વર્તુળકચેરી અને તેના તાબા હેઠળ આવતી કચેરીઓ માટે બંધ બોડીની **ટેક્ષી/મેક્ષી પાર્સીગ લોંગ ચેસીસ ૮+૧ પાસીગ એસી(એરકન્ડીશન) જીપ ગાડી** વાર્ષિક ધોરણે ભાડે રાખવા અંગેની સામાન્ય શરતો નીચે મુજબ છે. જે ભાડે આપનાર ઠેકેદાર (એકબાજુવાળા) અને ઉ.ગુ.વી.કં.લી.,મહેસાણા(બીજી બાજુવાળા )એ કંપની સાથે રૂા.૧૦૦/– નો કરાર લેખ અને રૂા.૧૦૦/– બોન્ડ કરવાનો રહેશે.

૧ ગાડી–જીપ ફેરવવાનું કાર્યક્ષેત્ર ગુજરાતભરમાં કોઈપણ જગ્યાએ લઈજવાની રહેશે. જેથી જીપ–ટેક્ષી તમારા લાયસન્સ ધરાવતા અનુભવી ડ્રાયવર સાથે કોન્ટ્રાક ઉપર ભાડે આપવાની રહેશે.

૨ આરટીઓના નિયમાનુસાર આપની જીપ (ટેક્ષી) ઓન રોડ હોવી જરુરી છે તથા તેને લગતા તમામ ટેક્ષ,ઈન્સ્યોરન્સ,મેક્ષી પરમીટ, **પી.યુ.સી. સર્ટીફિકેટ** વગેરે પુરા ટાઈમના ભરેલા હોવા જોઈએ તેમજ પોલીસ ખાતા મારફતથી જે કંઈ કાર્યવાહી થાય તેની બધીજ જવાબદારી આપને શીરે રહેશે.

૩ આપના વાહનનું મોડલ કંપનીએ મુકરર કરેલ એટલે કે ટેન્ડર પડયા તારીખે છેલ્લા **બે** વર્ષનું હોવુ જરુરી છે.જુના વાહન ઉપર ટેન્ડર મળી શકશે નહી.

૪ જીપના સંપુર્ણ મરામતના ખર્ચની તમામ જવાબદારી ઠેકેદારના શીરે રહેશે.

૫ કંપનીના નિયમ અનુસાર તેમજ નિયુકત કરેલ અધિકૃત અધિકારીની સુચના અનુસાર જીપ પાકા અથવા કાચા રસ્તા પર ચલાવવાની રહેશે તેમજ તેમની સુચના અનુસાર રાત્રિ રોકાણ કરવાનું રહેશે.

૬ કંપનીના નિયમ અનુસાર કીલોમીટર તથા કામગીરી અંગેની લોગબુક આપે ફરજીયાતપણે રાખવાની રહેશે જે ઠેકેદારના બીલની ચુકવણી માટે અધિકૃત રેકર્ડ ગણાશે. તે રેકર્ડમાં કંપનીએ અધિકૃત કરેલ અધિકારીની સહી કરેલ હોવી જરુરી છે તથા લોગબુકમાં ૧ થી ૩૦ કે ૩૧ તારીખ સુધીની તમામ વિગત તથા કર્મચારીની વિગત,કામગીરીનું સ્થળ, મુસાફરીનો હેતુ વગેરે સવિસ્તાર તથા સુવાચ્ય અક્ષરે લખવાનું રહેશે.

૭ આપે રોકેલ ડ્રાયવરનાં પગાર, ભથ્થા તથા રહેવા, જમવાની સગવડ જે તે ઠેકેદારે કરવાની રહેશે.

૮ કોઈપણ શરતવાળુ કે અધુરુ ભરેલુ ટેન્ડર સ્વીકારવામાં આવશે નહી.

૯ ઠેકેદારે તેનું ગાડીભાડાનું પાકુ બીલ દર મહીને ત્રણ નકલોમાં નીચેની વિગતો સાથે આપવાનું રહેશે. જેનું ચુકવણુ બીલ મળ્યા પછી બે માસની અંદર એકા.પે નાં ચેકથી અથવા આરટીજીએસથી કરવામાં આવશે.

૧૦ તમારે ત્રાહીત વ્યકિતનો સંપુર્ણ વિમો લેવાનો રહેશે અને વિમો લીધાની નકલ અગ્રીમેન્ટ કરતી વખતે રજુ કરવાની રહેશે.

૧૧ આપની જીપ (ટેક્ષી) યુજીવીસીએલનાં અધિકૃત અધિકારી માંગે ત્યારે અને તેટલા સમય માટે આપવાની રહેશે. સામાન્ય રીતે તેનો સમય સવારનાં ૮.૦૦ કલાકથી સાંજનાં ૮.૦૦ કલાક સુધી રહેશે પરંતુ ઈમરજન્સીમાં વધારે સમય જીપની જરુર પડે તો તે પ્રમાણે આપવાની રહેશે.ગાડી સૂચિત કર્યા સમય કરતાં મોડી આવસે તો અધિકારી ની મનસુબી મુજબ બિલ માથી નાણાં કાપવામાં આવસે અથવા તો તે દિવસની ગેરહાજરી ગણી તે દિવસના નાણાં કાપવામાં આવસે. સમય ચોકકસતાનાં પ્રમાણે દિવસ દરમ્યાન ૧૨ કલાક ભરેલા ભાવ પ્રમાણે કામ કરવાનું રહેશે. **જો વધારે સમય કામ કરેલ હસે તો તેટલા કલાક નો ઓફ કંપની ની અનુકૂળતા પ્રમાણે આપવામા આવશે.**

**ડ્રાઈવરે રાત્રી રોકાણ કરેલ હશે તો જ નાઈટ હોલ્ટ ચાર્જ ચૂકવવામા આવશે. વહેલી સવારે કે રાત્રી દરમ્યાન ડ્રાઈવીંગ કરેલ હશે તેનો નાઈટ હોલ્ટ ચાર્જ ચૂકવવામાં આવશે નહી. નિયુક્ત અધિકારી ની સૂચના મુજબ નાઈટ હોલ્ટ કરવાનો રહેશે.**

૧૨ સદરહું કોન્ટ્રાકટ માટેની સમય મર્યાદા બે વર્ષની રહેશે. પરંતુ જરુર પડયે એક બીજાની રાજીખુશીથી ફરી થી એજ ભાવ અને શરતો માન્ય રખાશે તો એક વર્ષ માટે કોન્ટ્રાકટ લંબાવી આપવામાં આવશે.

૧૩ આપે ભરેલ ટોલ ટેક્ષ/બ્રીજ ટેક્ષની પાવતીની નકલ બીલ સાથે બીડવી જરુરી છે. જે આપના બીલ સાથે પરત કરી શકાય.

૧૪ આપે રોકેલ ડ્રાયવરની ઉંમર ૫૫ વર્ષ કરતાં વધારે હોવી ન જોઈએ. **ડ્રાઈવર શારીરિક અને માનસિક રીતે સંપૂર્ણ તંદુરસ્ત હોવો જોઈએ. નિયુક્ત અધિકારી માંગે ત્યારે ડ્રાઈવરે ફિટનેશ નુ સર્ટીફિકેટ સમયમર્યાદામાં રજૂ કરવાનુ રહેશે.**

૧૫ ડીઝલ/ટાયર/આકસ્મિક મરામત/સર્વિસીસ/અકસ્માતનાં કારણસર આપનું વાહન રોકાયેલુ રહેશે તો તેની અવેજીમાં આપે તેટલા દિવસો માટે બીજી ગાડી પુરી પાડવાની રહેશે. તેમ છતાં જો તેમ

કરવામાં નિષ્ફળ જાઓ તો પ્રત્યેક દિનના રૂા.**૧૫૦૦/–** પ્રમાણે બીલમાંથી કાપી લેવામાં આવશે તેમજ અવેજીમાં કરેલ બીજા વાહનનું ભાડુ પણ આપે ચુકવવાનું રહેશે.

૧૬ સદરહું કોન્ટ્રાકટ માટે આપે આપને મળેલ ઓર્ડરના ૫% પ્રમાણે કંપનીમાં સીકયુરીટી ડીપોઝીટ પેટે ભરવાના રહેશે. જો ઠેકેદાર અધવચ્ચે કોન્ટ્રાકટ રદ કરીને ચાલ્યા જશે અથવા અન્ય શરતોનો ભંગ કરતા જણાશે તો ડીપોઝીટ જપ્ત કરવાને પાત્ર થશે.

૧૭ કંપની જયારે પોતાની માલિકીનું વાહન પુરુ પાડે અથવા આપના વાહનની જરુરીયાત ઉભી ન થાય તો કંપની કોઈપણ સમયે કોઈપણ જાતની નોટીસ આપ્યા સિવાય આપેલ મુદત દરમ્યાન કોન્ટ્રાકટ રદ બાતલ કરી શકશે.

૧૮ સામાન્ય પ્રશ્નોના નિરાકરણ માટેની સત્તા નીચે સહી કરનાર અધિકારીશ્રીની રહેશે.

૧૯ કદાચ કોઈ કાનુની ગુંચ ઉભી થાયતો મહેસાણા કોર્ટની હકુમત માન્ય ગણાશે.

૨૦ સામાન્ય રીતે આપનુ વાહન સવારે ૮.૦૦ વાગે અમારી જેતે ઓફીસે અથવા અધિકૃત અધિકારીનાં આદેશ મુજબ તૈયાર રાખવાનું રહેશે.

૨૧ ઠેકેદારે વાહન ઉપર આગળના ભાગે **"ઓન ડયુટી યુજીવીસીએલ"** ચોખ્ખુ વાંચી શકાય તે રીતે લખવાનું રહેશે. તે ઉપરાંત ગાડીસાથે સ્પેર વ્હીલ તથા બીજા તાત્કાલીક મરામત કરી શકાય તેવા સાધનો ગાડીમાં રાખવાના રહેશે.

૨૨ આપના વાહન માટે જરુરી ડીઝલ, ઓઈલ, સ્પેરપાર્ટસ કે મરામત માટેનાં સઘળા ખર્ચની જવાબદારી આપની- **ઠેકેદારની** રહેશે.

૨૩ આપે આપની ગાડીમાં અધિકૃત અધિકારીની સુચનાં મુજબ કચેરીનાં માણસો તથા જરુરી માલસામાન લઈ જવા દેવા પડશે.

૨૪ ઠેકેદારને તેમનું બીલ માઈલો મીટર મુજબનાં કી.મી.ના આંક પ્રમાણે ચુકવવામાં આવશે કદાચ જો માઈલો મીટર બંધ હશે અથવા અયોગ્ય રીતે ફરતુ જણાશે તો તે માટે કી.મી.ની યોગ્ય ગણત્રી કરી નીચે સહી કરનાર અધિકારીની સુચના મુજબ ગણવામાં આવશે.

૨૫ ઠેકેદારના વાહનને સંજોગોવસાત જો કોઈપણ જાતનો ઘાતક અથવા બીનઘાતક અકસ્માત થશે તો તેના વળતરની સઘળી જવાબદારી વાહન ધરાવનાર ઠેકેદારને શીરે રહેશે.

૨૬ કોઈપણ જાતના કારણ આપ્યા સિવાય એકજ અથવા બધાજ ટેન્ડર સ્વીકારવા કે ન સ્વીકારવા તે બાબતનો અધિકાર નીચે સહી કરનાર અધિકારીશ્રીને અબાધિત રહેશે. આ બાબતે આપનો કોઈ હકક દાવો માન્ય રખાશે નહી.

૨૭ આપે રોકેલ ડ્રાયવર **સ્વચ્છ, સારા વાણિ-વર્તન ધરાવતો અને કોઈપણ જાતનુ વ્યસન ન ધરાવતો**

**હોવો જોઈએ. ડ્રાઈવરને ગાડી રીપેરીંગનુ સામાન્ય કામ આવડતુ હોવુ જોઈએ. જો આપે રોકેલ ડ્રાઈવર**ની કામગીરી અંગે કદાચ કોઈ અસંતોષ અથવા કોઈપણ જાતની ફરીયાદ ઉદભવશે તો અધિકારીની સુચના મળ્યેથી ડ્રાયવરને તાત્કાલીક બદલવાની વ્યવસ્થા ઠેકેદારે કરવાની રહેશે.પરંતુ ઠેકેદારે અધિકારીની પૂર્વ મંજૂરી વગર ડ્રાઈવર બદલાવો નહીં.

૨૮ ટેન્ડર લેતી વખતે જે ગાડીનાં દસ્તાવેજી પુરાવા આપ્યા હશે તેજ ગાડી આપવાની રહેશે. કદાચ સંજોગો વસાત ગાડી બદલવાની જરુરીયાત ઉભી થાય તો નીચે સહી કરનાર અધિકારીની જરુરી મંજુરી મેળવવાની રહેશે.

૨૯ આપનુ વાહન જયારે મુસાફરીમાં હોય ત્યારે ડીઝલ ખરીદવા રીપેરીગ કરાવવા તથા અન્ય ખર્ચ માટે આપે આપના ડ્રાયવર પાસે પુરતા નાણાં આપવાની વ્યવસ્થા કરવાની રહેશે.

૩૦ જયારે–જયારે ટાયર–ટયુબ અથવા ઓઈલમાં ભાવવધારો થશે તે મજરે આપવામાં આવશે નહી. પરંતુ જયારે સરકારશ્રી તરફથી ડીઝલમાં ભાવ વધારો કરેલ હશે તે તારીખથી વધારાના રૂ.૦–૧૦ પૈસા ઉપર રૂ.૦–૦૧ પ્રમાણે ફરેલ કી.મી.ઉપર ભાવ તફાવત આપવામાં આવશે. આ ભાવ વધારો ઘટાડો વ્હીકલ જે દિવસે ઓફીસ ખાતે મુકાય તે દિવસથી ફરેલ કી.મી.ઉપર આપવામાં આવશે તથા ડીઝલના ભાવ વધારાનું પેટ્રોલ પંપ માલીકનું સર્ટીફીકેટ રજુ કરવાનું રહેશે.જો ડીઝલના ભાવમાં ઘટાડો થસે તો તે ભાવ તફાવત માં ગણવામાં આવસે નહીં.

૩૧ મહિનાના દરેક રવિવારે વીકલી રજા ગણવામાં આવશે. **સંજોગોવસાત રવિવારે વાહન ની જરૂર પડે તો આપવાનુ રહેશે, જેની બદલીમાં રજા નિયુકત્ત અધિકારીની અનુકૂળતા પ્રમાણે આપવામા આવશે,જે ઠેકેદાર ને માન્ય રહેશે. રજામાં ઈમરજન્સી માં ગાડીની જરૂર પડે તો ઠેકેદાર ને જાણ કર્યાના બે કલાકમાં ગાડી આપવાની રહેશે.** જાહેર રજાઓના દિવસે તથા બીજા અને ચોથા શનિવારે વ્હીકલ **આપવુ** પડશે.

૩૨ **ચેકીંગ સ્કર્વોડ ની ગાડીએ ચેકીંગ ડ્રાઈવ દરમ્યાન ઘણીવાર સળંગ ચાર દિવસ કે તેથી વધુ દિવસ માટે આખા ગુજરાત માં જવાનુ હોઈ વચ્ચે ડ્રાઈવર ને કોઈ રજા મળશે નહી. જો વચ્ચે કોઈ રજા પાડવામાં આવશે તો ચેકીંગ ડ્રાઈવ ના દિવસો ગુણ્યા રૂ. ૧૫૦૦ ।- લેખે થતા રૂપીયા અધિકારી ની સૂચના મુજબ બિલમાંથી કાપવામાં આવશે.**

૩૩ **વ્હીકલ સૂચિત કરેલ સમય કરતા મોડી આવશે તો નિયુકત્ત અધિકારીની સૂચના મુજબ એક દિવસની ગેરહાજરી ગણી રૂ. ૧૫૦૦ ।- બિલમાંથી કાપી લેવામા આવશે.**

**ડ્રાઈવર અથવા ઠેકેદાર ની અણઆવડત, બેદરકારી, હેતુપૂર્વક કે અન્ય કોઈ કારણસર પ્રત્યક્ષ કે**

૩૪ **પરોક્ષ રીતે કચેરીની મિલ્કત, સાધન-સામ્રગ્રી કે સરકારી રેકોંડ તેમજ અધિકારી કે કર્મચારીઓની વસ્તુને થયેલ નુકસાન વાહન ઠેકેદાર ભરપાઈ કરવા બંધાયેલ છે.**

૩૫ **આપની ગાડીમાં સન ગાર્ડ, પડદા, મોબાઈલ ચાર્જર, ટેપ રેકોર્ડર તથા અન્ય સુવિધા અધિકારીની સૂચના મુજબ કરવાની રહેશે.**સદર વેહિકલ નો ઉપયોગ વીજલાઇન ની કામગીરી ને લગતા માલસામાન ભરવા માટે પણ ઉપયોગ માં લઈ સકાસે.માલસામાન ભરવા ઉતારવામાં જરૂરી મદદ કરવાની રહ્સે.

૩૬ વાર્ષિક રૂા.૧૦૦૦૦૦૦/– (રૂા.દશ લાખ પુરા) નું ટર્નઓવર હોય તો સર્વીસ ટેક્ષનું રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે અને જો વાર્ષિક ટર્ન ઓવર રૂા.રૂા.૧૦૦૦૦૦૦/– (રૂા.દશ લાખ પુરા) કરતા ઓછુ હોય તો સોગંદનામુ રજુ કરવાનુ રહેશે.

૩૭ વ્હીકલ માલીકે ઈન્કમ ટેક્ષ કાપવા માટે પોતાનું પાન કાર્ડ આપવાનું રહેશે. જો પાન કાર્ડ નહી આપવામાં આવે તો ર૦% ઈન્કમ ટેક્ષ કાપવામાં આવશે.

૩૮ ડ્રાઈવરને અઠવાડીક એક રજા આપવાની જવાબદારી ઠેકેદારની રહેશે.

૩૯ ડ્રાઈવરે **અને ઠેકેદારે** મોબાઈલ ફોન રાખવાનો રહેશે **અને વપરાશ આવડતો હોવો જોઈએ. ગાડી ની જરૂરિયાત ફોન દ્વારા કરવામાં આવશે જેથી ફોન બંધ રાખવો નહી.**અને જો ફોન બંધ અથવા ફોન રીસીવ કરવામાં નહીં આવે તો તે દિવસના પૈસા કાપી લેવામાં આવશે.

૪૦ ઉપરોકત તમામ સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું બંધનકર્તા રહેશે. **જેના ભંગ બદલ વ્હીકલ ટેન્ડર વિના નોટિસે રદ કરી ડીપોઝીટ જપ્ત્ત કરી શકાશે.**

નોંધ **:– નવી ગાડી લાવનાર કોન્ટ્રાકટરે ટેન્ડર સાથે નવી ગાડી માટેનું કવોટેશન રજુ કરવાનુ રહેશે તથા રૂા.૫૦૦૦/– વધારાની ડીપોઝીટ ભરવાની રહેશે. ટેન્ડર મંજુર થયેથી પંદર દિવસમાં નવુ વાહન તથા દસ્તાવેજ નીચે સહી કરનાર અધિકારીશ્રીને રજુ કરવાના રહેશે.**

**ભાવપત્રક મોકલતી વખતે કવર ઉપર "ગાડીનું ભાવપત્રક" લખવુ જરૂરી છે.**

**અધિક્ષક ઈજનેર**
**મહેસાણા.**

**ઠેકેદારનું નામ :–**...............................
**ઠેકેદારની સહી :–**...............................
**પુરુ સરનામુ :–**...............................

..............................

..............................

ટેલીફોન નં. :– (ઓ)............(ઘર).........

મોબાઈલ નં. :– ...............................